# સે-૧ થી ૫માં આંતરિક માર્ગોને ચકાચક કરાશે

### ઉબડખાબડ ૧૨૪ કિ.મી આંતરિક માર્ગોનું ૩૧.૫૦ કરોડના ખર્ચે રિસરફેસીંગ કરાશે : નિયત સમયના અંતે અનેકવિધ કામગીરીના ખોદકામ સાથે નિચાણમાં ધકેલાયા આંતરિક રોડ નેટવર્કની દશા અત્યંત ખરાબ છે : પાણી ગટરની લાઇનનુ કામ પુર્ણ થયા બાદ રસ્તાનુ કામ હાથ ધરવા આયોજન

ગાંધીનગર તા ૯

ગાંધીનગરના મુખ્ય ઉભા અને આડા માર્ગોની જાળવણી પાટનગર યોજના વિભાગ હસ્તક છે. જયારે સેકટરોના આંતરિક માર્ગોની નિભાવણી કોર્પોરેશનને સોંપી દેવામાં આવી છે. સેકટરોમાં સ્થિત ૪૪૦ કી મી ના રોડ નેટવર્કની જવાબદારી કોર્પોરેશનને સોંપી દેવામાં આવી છે. શહેરના સે -૧ થી ૫ માં પણ માર્ગ સુધારણાની કામગીરીને પણ અંદાજે ૫ વર્ષ જેટલો સમય વિતી ગયો છે. અનેકવિધ પ્રકારની ખોદકામગીરી અને વરસાદી પાણીના લીધે માર્ગોનુ ધોવાણ થયુ છે. ઉબડ ખાબડ માર્ગોનુ રીસરફેસીંગ હાથ ધરવા માટે આયોજન કરવામાં આવ્યુ છે. સે - ૧ થી ૫ ના ૧૨૪ કી મી ના માર્ગોને ચકાચક બનાવવા માટે રૂ ૩૧.૫૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે જો કે પાણી ગટરની લાઈનના ખોદકામ બાદ રસ્તાના કામ હાથ પર લેવાશે.

ગાંધીનગરમાં છેલ્લા પાંચ વર્ષથી સેકટરોના આંતરિક માર્ગોની દશા ખરાબ છે. એક તો માર્ગોના રીસરફેસીંગને અનુલક્ષી નિયત સમયકાળ પુર્ણ થઈ ગયો છે. જયારે બીજીતરફ સ્ટોર્મ વોટર લાઈનના ટુકડા જોડવા માટે સેકટરોમાં માર્ગો વચાળે બુલડોઝર ફેરવી દેવાતા આંતરિક માર્ગો ઉબડ ખાબડ બન્યા છે. આ સ્થિતિ વચ્ચે વરસાદી સિઝને પણ જમાવટ કરતા માર્ગોનુ ધોવાણ પણ થયુ છે. જેના લીધે સેકટરોના આંતરિક રસ્તાઓ પર હાલની સ્થિતિએ માર્ગ સલામતી જોખમાઈ છે. શહેરમાં હાલ સ્માર્ટ સીટીના પ્રોજેકટ અન્વયે પાણી ગટરની નવી લાઈન નાંખવાનુ કામ પણ હાથ ધરવામાં આવ્યુ છે. જેના લીધે માર્ગોની આસાપાસ પણ માટી પોલાણ થતા ગમે ત્યારે ગાબડા અસ્તિત્વમાં આવ છે. શહેરના સેકટરોમાં આંતરિક માર્ગોની આસપાસ પેવરકામમાં પણ લેવલીંગ ન જળવાતા નીચાણમાં ગરકાવ થયેલા રોડ નેટવર્ક પર વરસાદી દિવસોમાં પાણીનો ભરાવો થતા રસ્તાઓ બેહાલ બન્યા છે. અલબત્ત માર્ગોના અસ્તિત્વ સામે જાણે ચારેકોરથી ખતરો ઉભો થયો છે. શહેરના નવા સેકટરોમાં સે - ૧ થી ૫ માં છેલ્લા બે વર્ષથી માર્ગોની દશા બેઠી છે. તેમાંય ખાસ કરીને છેલ્લા એક વર્ષથી એક યા બીજા કારણોસર થતા ખોદકામ અને વરસાદી પાણીના ભરાવાથી સેકટરોનુ આંતરિક રોડ નેટવર્ક અત્યંત બિસ્માર હાલતમાં છે. સ્થાનિકો કક્ષાએથી પણ માર્ગ સુધારણાની કામગીરી હાથ ધરવા માટે અનેકવાર રજુઆત કરવામાં આવી છે. વરસાદી દિવસોની શરૂઆતમાં સેકટરોમાં માર્ગો પરના ગાબડા પુરવાનુ કામ હાથ ધરવામાં આવ્યુ હતુ પરંતુ હાલ પણ ખરબચડા અને ગાબડાગ્રસ્ત માર્ગો પર સ્થાનિકો માટે પૈડા પરની જિન્દગી જોખમી બની હોવાનુ ચિત્ર સ્પષ્ટ થયુ છે. શહેરના આંતરિક માર્ગોની જવાબદારી હવે કોર્પોરેશન

● અનુસંધાન પાન-૭ પર



ગાંધીનગર શહેરમાં વરસાદી દિવસો દરમિયાન મચ્છરોનો ઉપદ્રવ વધી ગયો છે. જયારે વરસાદી દિવસોમાં મચ્છરજન્ય રોગચાળો પણ માથુ ઉચકી રહ્યો છે. આ સ્થિતિ વચ્ચે કોર્પોરેશન દ્વારા સેકટરોમાં ફોગીંગની કામગીરી પણ શરૂ કરવામાં આવી છે.

# ચરેડી વોટર વર્કસથી રાંધેજા સુધી નર્મદાનુ ટ્રીટેડ પાણી અપાશે

### ટ્રીટેડ પાણી આપવા માટે ૪૩.૭૫ કરોડનો ખર્ચ કરાશે : નવી લાઇન નાંખવા માટે ટેન્ડરને સ્થાયી સમિતિમાં મંજુરી આપવામાં આવશે : આગામી શુક્રવારની બેઠકમાં વિવિધ કામો અને વધારાના ખર્ચને પણ મંજુરી આપવામાં આવશે : કોર્પોરેશન સમાવિષ્ટ વિવિધ વિસ્તારમાં પાણી ગટર વ્યવસ્થાપનના કામોનો સમાવેશ

ગાંધીનગર તા ૯

ગાંધીનગરમાં સ્માર્ટ સીટી અન્વયે ૨૪ કલાક પાણી સપ્લાય કરવાની યોજના હાથ ધરવામાં આવી છે. જયારે આ યોજના અન્વયે શહેરના સેકટરો ઉપરાંત હવે રાંધેજા વિસ્તાર સહીત નવા ટી પી વિસ્તારમાં પણ ચરેડીથી નર્મદાનુ ટ્રીટેડ પાણી સપ્લાય કરવા માટેની યોજના પર કામ હાથ ધરવામાં આવશે. જયારે આ માટે નવી લાઈન નાંખવા માટે રૂ ૪૩ કરોડના ખર્ચેને મંજુરી આપવામાં આવશે. શહેરી વિસ્તાર ઉપરાંત આસપાસના વિકસિત વિસ્તાર થઈને કુલ ૧૪૫ એમ એલ ડી શુધ્ધ અને સંગ્રહ કરી શકાય તે મુજબ આયોજન કરવામાં આવ્યુ છે. ચરેડી વોટર વર્કસથી રાંધેજા સુધી પાણી સપ્લાય કરવા માટે યોજના તૈયાર કરવામાં આવી છે.

ગાંધીનગર મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની બેઠક આગામી તા ૧૧ ઓગષ્ટના રોજ બપોરે ૧૨ :૩૦ કલાકે સ્થાયી સમિતિના હોલમાં મળશે. જયારે આ બેઠક દરમિયાન વિવિધ ૩૩ જેટલા મુદ્દાઓ સંદર્ભે મંજુરી અર્થેની કાર્યવાહી હાથ ધરવામાં આવશે જેમાં શહેરની જેમ આસપાસના વિસ્તારમાં પણ પાણી સપ્લાય કરવાની યોજના સંદર્ભે પણ કામોને મંજુરી આપવામાં આવશે. શહેરમાં સ્માર્ટ સીટી અન્વયે ૨૪ કલાક પાણી સપ્લાય કરવા માટે હાલ લાઈનનુ કામ ચાલી રહ્યુ છે. જયારે મહાનગરપાલિકા વિસ્તારમાં સમાવિષ્ટ રાંધેજા પેથાપુર વિસ્તારમાં પણ નર્મદાનુ પાણી સપ્લાય કરવા માટે આયોજન કરવામાં આવી રહ્યુ છે. સ્થાયી સમિતિની બેઠકમાં રાંધેજા પેથાપુર તેમજ અન્ય વિકાસ પામતા ટી પી વિસ્તારમાં ચરેડીથી પાણી સપ્લાય કરવા માટે નવી લાઈન નાંખવાના કામને મંજુરી આપવામાં આવશે જયારે આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૪૩ કરોડનો ખર્ચ થનાર છે. સમિતિની બેઠક દરમિયાન આ કાર્યયોજનાને અનુલક્ષી ટેન્ડર મંજુરીની પ્રક્રીયા પણ હાથ ધરવામાં આવશે. આ વિસ્તારમાં નર્મદાનુ ટ્રીટેડ પાણી મળી રહે તે માટે આ કાર્યયોજના હાથ ધરવામાં આવશે. નવી લાઈન નાંખવામાં આવ્યા બાદ ચરેડીથી આ પાણીનો સપ્લાય કરવામાં આવશે. આ ઉપરાંત ઝુંડાલ ગામતળ અને ટી પી વિસ્તારમાં પાણી વિતરણ વ્યવસ્થાને અનુલક્ષીને પણ વધારાના ખર્ચને મંજુરી આપવાનો મુદ્દો બેઠકમાં રજુ કરાશે. અમીયાપુર સઘડ ઝુંડાલ ડ્રેનેજ લાઈનના નેટવર્ક માટે મુદ્દત વધારવા તેમજ કોબા કલ્પવૃક્ષ કો ઓપ, હાઉ સો માં જનભાગીદારીથી ગટર લાઈન નાંખવા ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ તરફથી ગ્રાન્ટ મેળવા અંગેની કમિશ્નર કક્ષાએથી રજુ થયેલી ભલામણને પણ મંજુરી આપવામાં આવશે. આ ઉપરાંત રોજમદારમાંથી કાયમી થયેલા સફાઈ કામદારોને હીન્દીની પરીક્ષા પાસ કરવામાંથી મુકિત આપવાની સત્તા મ્યુનિ કમિશ્નરને સોંપવાની

● અનુસંધાન પાન-૭ પર

# ગુડા આર્થિક ભીંસમાં ગ્રામ વિકાસ સદભાવનાના કામો આગળ વધતા નથી

### ચાર તબક્કામાં આયોજિત કામો એક વર્ષ બાદ પણ પ્રગતિ હેઠળ નથી

ગુડા નું તંત્ર હાલ આર્થિક ભીંસ અનુભવી રહ્યું છે . ૨૬ ગામોમાં પ્રાથમિક શાળા, આંગણવાડી અને પંચાયત ઘરની યોગ્ય સુવિધા ઉભી કરવા ૧૧ કરોડના ખર્ચની યોજના અન્વયે જે ગામમાં મકાન ન હોય ત્યાં નવું બાંધવા અને હોય તેવા કિસ્સામાં નવું બનવાનો નિર્ણય લેવાયો હતો જો કે નાણા ના અભાવે હજુ આ કામો શરૂ કરાયા ન હોવાનું પણ સ્પષ્ટ થયું છે

ગ્રમ વિકાસ સદભાવના યોજના અન્વયે વિવિધ તબક્કામાં કામોનું આયોજન કરવામાં આવ્યું છે . જે મુજબ શાહપુર, રતનપુર, લવારપુર, પિરોજપુર, વલાદ, વજાપુરા અને ડભોડામાં કામગીરી માટે ૨.૩૧ કરોડનો ખર્ચ નો અંદાજ છે આ ઉપરાંત ઉવારસદ, અડાલજ લેકાવાડા, આલમપુર, પાલજ અને પ્રાંતિયા ગામમાં ૨.૯૩ કરોડનો ખર્ચ અંદાજવામાં આવ્યો છે. જ્યારે સોનીપુર, રૂપાલ, સરઢવ, પુન્દ્રાસણ, તારાપુર, આદરજ મોટી અને શેરથા ગામમાં સુવિધા આપવા માટે રૂપિયા ૩.૫૦ કરોડનો ખર્ચ અંદાજ તૈયાર કરવામાં આવ્યો હતો. ઉપરોક્ત પેકેજમાં રૂપાલ ગામ કે જ્યાં વરદાયની માતાજીનું પ્રસિદ્ધ મંદિર છે આ વિસ્તારમાં જાહેર શૌચાલયની સુવિધાનું કામ હાથ ધરવા આયોજન કરાયું હતું . જ્યારે અન્ય તબ્બકામાં પીપળજ, નવા ધરમપુર, દોલારાણા વાસણા, ચિલોડા, શિહોલી મોટી અને દશેલા ગામમાં ૨.૨૬ કરોડના ખર્ચ કામ હાથ ધરવાનું આયોજન કરાયું છે ગુડા દ્વારા આ મામલે ઓનલાઈન ટેન્ડર પ્રક્રિયા બાદ એક વર્ષમાં તમામ કામગીરી પૂર્ણ કરવા આયોજન કરાયું હતું. જો કે હાલ સ્થિતિએ એક વર્ષ બાદ આર્થિક ખેંચના લીધે આ યોજના આગળ વધી નથી .



વિશ્વના સૌથી લોકપ્રિય નેતા અને ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને મળવાનુ સદ્ભાગ્ય ગાંધીનગર (ઉત્તર)ના ધારાસભ્ય શ્રીમતી રીટાબહેન પટેલને સાંપડ્યુ હતુ. વડાપ્રધાનનું પ્રજાકલ્યાણ સમર્પિત જાહેર જીવન અને અહર્નિશ રાષ્ટ્રસેવા એ પ્રેરણારૂપ હોવાનું ધારાસભ્યશ્રીએ જણાવ્યુ હતુ.

# કોર્પોરેશનના બિલ્ડીંગમાં ટેન્ડરની રકમ ઉપરાંત ૧.૬૮ કરોડના ખર્ચને મંજુરી અપાશે

### સ્થાયી સમિતિની બેઠકમાં મહત્વના નિર્ણયો લેવાશે

ગાંધીનગર તા ૯

ગાંધીનગર કોર્પોરેશનના નવા બિલ્ડીંગને તૈયાર કરવા માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. જયારે આ બિલ્ડીંગમાં ટેન્ડર રકમ કરતા વધુ ખર્ચ થયો છે. જેને અનુલક્ષી આ ખર્ચની રકમને આગામી તા ૧૧ ઓગષ્ટના રોજ મળનારી સ્થાયી સમિતિની બેઠકમાં મંજુરી આપવામાં આવશે. સ્થાયી સમિતિમાં વિવિધ મુદ્દાઓ મંજુરી અર્થે રજુ કરવામાં આવશે જયારે આ કોર્પોરેશનના બિલ્ડીંગને અનુલક્ષીને અંદાજિત ૧.૬૮ કરોડના વધારાના ખર્ચને મંજુર કરવામાં આવશે. આ બિલ્ડીંગના નિર્માણ પાછળ રૂ ૧૮ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે.

ગાંધીનગર મહાનગરપાલિકાની કચેરી અગાઉ સે-૧૦ માં કાર્યરત હતી જયારે પાંચ વર્ષ અગાઉ સે-૧૭ માં નવી બિલ્ડીંગ બાંધવા માટે આયોજન કરાયુ હતુ. જેના અંતે અંદાજિત રૂ ૧૮ કરોડના ખર્ચ આ બિલ્ડીંગ તૈયાર કરવામાં આવ્યુ છે. અદ્યતન બિલ્ડીંગમાં ફર્નિચર સહીત તમામ મજલા પર જરૂરી તમામ સુવિધાઓ ઉભી કરવામાં આવી છે. જયારે નવા બિલ્ડીંગના નિર્માણ પાછળ તોતિંગ ખર્ચ કરવામાં આવ્યા બાદ પણ હજુ રૂ ૧.૬૮ કરોડના ખર્ચને મંજુરી આપવા માટે ગતિવિધિઓ હાથ ધરવામાં આવી રહી છે. જયારે જવાબદાર એજન્સીના પ્રયાસોના અંતે આ દરખાસ્ત આગામી તા ૧૧ ઓગષ્ટના રોજ મળનારી સ્થાયી સમિતિની બેઠકમાં મંજુરી અર્થે રજુ કરાશે.

જયારે સ્થાયી સમિતિની બેઠક દરમિયાન આ મામલે નિર્ણય લેવાશે. સ્થાયી સમિતિની બેઠકમાં વિવિધ ૩૨ જેટલી દરખાસ્તો રજુ કરવામાં આવશે જેને તબક્કાવાર મંજુરી આપવાની પ્રક્રીયા પણ હાથ ધરવામાં આવશે કોર્પોરેશનના નવા બિલ્ડીંગની સાથે શહેરના વિવિધ વિસ્તારમાં સ્થિત આઠ જાહેર શૌચાલયની જાળવણી પે એન્ડ યુઝના ધોરણ મુજબ કરવા માટે પણ નિર્ણય લેવાશે. વિવિધ વિસ્તારમાં પાણી ગટર

● અનુસંધાન પાન-૭ પર




હરિયાળા વૃક્ષોની વનરાજીથી ઘેરાયેલા ગ્રીન સીટીની એક આગવી ઓળખ છે. શહેરમાં અનેકવિધ વૃક્ષોથી હરિયાળી છવાયેલી છે. જયારે પ્રકૃતિના ખોળે આંખોને ઠંડક આપતા અનોખા વૃક્ષોનો વૈભવ પણ ગાંધીનગરાઓ માટે સદનસીબની વાત છે. શહેરના છેવાડે પેથાપુર મહુડી માર્ગ પર સ્થિત મહાકાળી મંદિર પાસે કલ્પવૃક્ષ આસ્થાનુ કેન્દ્ર બન્યુ છે. આ વૃક્ષની વાવણી આજથી ૧૩ વર્ષ અગાઉ વનચંદ્રક વિજેતા રણજીતસિંહ વાઘેલાએ કરી હતી. આમ જોવા જઈએ તો કલ્પના કરીએ અને સાકાર થાય તેવા આ વૃક્ષની છાંવ શહેરી વિસ્તારમાં ૧૦ થી ૧૨ જગ્યાએ નસીબ થાય છે. આ વૃક્ષના અનેકવિધ ફાયદાઓ છે. વ્યંધ્ત્વ, અને શરદી કફના રોગ પણ દુર થાય છે. જયારે કેલ્શિયલ અને ઓક્સિજનની કમી દુર કરે છે. કલ્પવૃક્ષ તરીકે ઓળખાતા આ વૃક્ષનુ બીજુ નામ રૂખડો પણ છે. ગાંધીનગર શહેર તેમજ આસપાસના વિસ્તારને વધુ હરિયાળો બનાવવા માટે નવા રોપાઓની વાવણી કરવામાં આવી રહી છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના માર્ગદર્શન હેઠળ ધારાસભ્ય રીટાબેન પટેલ પણ ગાંધીનગરને વધુ ગ્રીન બનાવવા માટે પ્રયત્નશીલ છે.

# ગુડાના વિવિધ આવાસોને અનુલક્ષી તૈયાર કરાયેલી ૪૮ દુકાનો બિન ઉપયોગી

### ૭૮ પૈકી ૪૮ દુકાનોના ખર્ચ માથે પડ્યો હોય તેવી સ્થિતિ

ગાંધીનગર તા ૯

ગુડા દ્વારા વિવિધ વિસ્તારમાં નવા આવાસો બાંધવામાં આવ્યા છે જ્યારે આવાસોના લાભાર્થીઓને જરૂરી ચીવસ્તુઓ મળી રહે તે માટે દુકાનો પણ તૈયાર કરવામાં આવી છે અડાલજ સાઈટ પરની ૭૮ પૈકીની ૪૮ દુકાનો બિનઉપયોગી હાલતમાં છે અગાઉ રાયસણમાં ૧૩ દુકાનનો હરાજી કરવામાં આવી હતી

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા વિવિધ ઠેકાણે નવા આવાસો બાંધવામાં આવ્યા છે જ્યારે કેટલાક ઠેકાણે શોપિંગ પણ બનાવવામાં આવ્યા છે અડાલજમાં ૯૨ દુકાનનું શોપિંગ કોમ્પલેક્સ તૈયાર કરવામાં આવ્યું છે. જો કે અમુક દુકાનોનું વેચાણ થતું નથી. ગુડા કક્ષાએ થી હરાજી માધ્યમથી દુકાનોની ફાળવણી કરવામાં આવે છે. જો કે આ શોપિંગ સેન્ટરની માત્ર ૩૦ દુકાનોનો નિકાલ થયો છે જેના ખર્ચ પર પાણીઢોલ થયું છે જ્યારે કોર્પોરેશન વિસ્તારમાં સમાવિષ્ટ રાયસણ સ્થિત દુકાનો મહાપાલિકાને સોંપી દેવામાં આવી છે. આવા સંજોગોમાં સમસ્યા તો યથાવત જ છે

# અભ્યાસક્રમોમાં ફી ૬ લાખથી વધુ હોય તો વધારાની રકમ સરકાર ચુકવશે

### અનુ. જનજાતિ વિદ્યાર્થીઓના શૈક્ષણિક હિતમાં સરકારનો નિર્ણય : સરકારી ક્વોટામાં મેરીટમાં એડમિશન લીધુ હોય તેવા અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને લાભ મળશે

ગાંધીનગર, તા.૯

રાજયના અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓના શિક્ષણની ચિંતા કરતી રાજય સરકારે તેમના વિશાળ હિતમાં મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. જે અંતર્ગત સરકારી ક્વોટામાં મેરીટમાં એડમિશન લીધુ હોય તેવા અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને ફી રેગ્યુલેટિંગ કમિટી (હ્લઇઝ્ર)એ નક્કી કરેલી ફી મુજબ ભારત સરકારે નક્કી કરેલી રૂ.૬ લાખની મર્યાદામાં શિષ્યવૃત્તિ આપવા ઉપરાંત હવે જે અભ્યાસક્રમોમાં ફી રૂ. ૬ લાખ કરતાં વધારે હોય તેવા અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓના કિસ્સાઓમાં વધારાની રકમ રાજ્ય સરકાર દ્વારા ચૂકવવામાં આવશે તેમ આદિજાતિ વિકાસ મંત્રી શ્રી કુબેરભાઈ ડિંડોરે જણાવ્યું છે. કેન્દ્ર સરકારની વર્ષ ૨૦૧૦થી અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટે અમલી પોસ્ટ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજનાની ગાઈડલાઈન મુજબ માન્યતા પ્રાપ્ત શૈક્ષણિક સંસ્થાઓના અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતાં અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને વાલીની આવકમર્યાદાને ધ્યાને લઈ રૂ. ૨.૫૦ લાખની શિષ્યવૃત્તિની રકમની કોઈ ટોચ મર્યાદા (સિલીંગ લિમીટ) ધ્યાને લીધા સિવાય ફીની રકમ શિષ્યવૃત્તિ તરીકે ચુકવવામાં આવતી હતી. તે ઉપરાંત કેન્દ્ર સરકારની તા.૦૧/૦૪/૨૦૨૨થી અમલીકૃત ગાઈડલાઈનથી માન્યતા પ્રાપ્ત ખાનગી શૈક્ષણિક સંસ્થાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે એમ.બી.બી.એસ./ એમ.એસ./

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં ૧૩૫ ઉભા સુકા જોખમી વૃક્ષોની કટોતી કરવા વનતંત્રની ટીમ કામે લાગી

### શહેરના સેકટરોના આંતરિક વિસ્તાર તેમજ ઉભા આડા મુખ્યમાર્ગો આસપાસ જોખમી વૃક્ષો દુર કરવા અગાઉ સર્વે હાથ ધરવામાં આવ્યો હતો : વનતંત્રની ટીમ કામે લાગી



ગાંધીનગર તા ૮

ગાંધીનગર શહેરના સેકટરોમાં વૃક્ષોની વનરાજી જોવા મળે છે. વરસાદી દિવસો દરમિયાન સેકટરોમાં ખુલ્લી જગ્યામાં નવા રોપાઓની વાવણી કરી હરિયાળી નિખારવા માટે પણ પ્રયાસ થઈ રહ્યા છે. જયારે બીજીતરફ વરસાદી સંજોગોમાં જોખમી બનતા ઉભા સુકા વૃક્ષોની કટોતી કરવા માટે પણ વનતંત્રએ કામગીરી શરૂ કરી દીધી છે. વનતંત્રએ શહેરમાં ઉભા સુકા અલબત્ત જોખમી વૃક્ષો મામલે સર્વે પણ હાથ ધર્યો હતો જયારે શહેરમાં અંદાજિત ૧૩૫ જેટલા જોખમી વૃક્ષોને માર્કીંગ પણ કરવામાં આવ્યુ હતુ. જેને અનુલક્ષીને હાલ આ જોખમી વૃક્ષોની કટોતી કરવા કામગીરી હાત ધરવામાં આવી છે. શહેરના ઘ- ૨ થી ગ- ૨ વિસ્તારમાં હાલ જોખમી વૃક્ષો દુર કરવામાં આવી રહ્યા છે.

ગાંધીનગર શહેરમાં વરસાદી દિવસો દરમિયાન અનેકવિધ સમસ્યાઓ મંડરાય છે. જેમાં સેકટરોમાં કાદવ કિચ્ચડ વચ્ચે વૃક્ષોની લટકતી ડાળીઓ અને ઉભા સુકા અલબત્ત જોખમી વૃક્ષો પણ અસ્તિત્વ ધરાવે છે. શહેરના સેકટરોમાં છવાયેલી વનરાજી વચ્ચે સુકા વૃક્ષો ગમે ત્યારે જમીનદોસ્ત થાય તેવી દહેશત પણ પ્રબળ બને છે. જયારે તોફાની વરસાદ કે ભારે પવનના સંજોગોમાં પણ વૃક્ષો ધરાશાયી થવાના અનેક કિસ્સા સામે આવે છે. હાલ વરસાદી સિઝન ચાલુ છે. ત્યારે અગાઉ મેઘરાજાના તોફાની મિજાજના લીધે સેકટરોમાં અનેક ઠેકાણે વૃક્ષો જમીનદોસ્ત થયા હોવાનુ ધ્યાને આવ્યુ હતુ. શહેરના સાત ઉભા અને આડા માર્ગો આસપાસ તેમજ સેકટરોના આંતરિક વિસ્તારમાં સમયાંતરે ઉભા સુકા વૃક્ષો સંદર્ભે વનતંત્ર દ્વારા સર્વે હાથ ધરવામા આવતો હોય છે. જયારે સર્વેના અંતે જોખમી વૃક્ષોની કટોતી પણ કરવામાં આવે છે. સેકટરોમાં માર્ગોની આસપાસ સ્થિત વૃક્ષો પૈકી ઘણાંને સુકારો લાગી ગયેલો જોવા મળે છે. ઝાડની છાલ પણ ઉખડેલી જોવા મળે છે. જયારે વનતંત્ર દ્વારા આ પ્રકારના વૃક્ષો મામલે સર્વે હાથ ધરવામાં આવે છે. થોડા દિવસો અગાઉ પણ આ મામલે સર્વે કરવામાં આવ્યો હતો જેના અંતે શહેરના સેકટરોના આંતરિક વિસ્તારો તેમજ મુખ્ય માર્ગો સહીતના ઠેકાણે અંદાજિત ૧૩૫ જેટલા ઉભા સુકા વૃક્ષો હોવાનુ ધ્યાને આવ્યુ હતુ વનતંત્ર દ્વારા આવા જોખમી વૃક્ષોનુ માર્કીંગ પણ કરવામા આવ્યુ હતુ જયારે તબક્કાવાર આ વૃક્ષો દુર કરવા માટે પણ કામગીર હાથ ધરવામાં આવી રહી છે. હાલ પણ વનતંત્રએ આવા જોખમી વૃક્ષો દુર કરવા માટે ટીમ કામે લગાડી છે. આજે પણ શહેરના ઘ- ૨ થી ગ- ૨ વચ્ચેના માર્ગ પર વનતંત્રની ટીમ જોખમી વૃક્ષો દુર કરવા માટે કામ કરતી નજરે પડી હતી આ દરમિયાન વન આરક્ષિત વિસ્તારમાં સુકાયેલા

● અનુસંધાન પાન-૭ પર

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com